મહીકાંઠાના મહેરબાન મુરબ્બી ખાનબહાદુર
જમાદારખાન તેરેબાજખાન પોલીસ
ઇન્સપેક્ટર પુર્વે વીભાગના આશ્રયથી.

તદન નવા ખેલોનું પુસ્તક.

શોખેલ ભાગ પેહેલો.

આવૃતી પેહેલી.

નકલ ૧૧૦૦

બનાવનાર,

હકીમ અમીરખાં અહેમદખાં.

રૂપાલ-મહીકાંઠા-જીલ્લે મેવડ.

સંવત ૧૯૫૫. સને ૧૮૯૯.

અમદાવાદ—"વિજય પ્રવર્તક" પ્રેસ.

કીંમત રૂ. ૦-૧-૦

અર્પણ પત્રીકા.

અખંડ કૃપાળુ મહા પુન્યશાળી.

સ્વદેશ પ્રેમી નેકનામદાર, મેહરબાન મુરબ્બી ખાંનસાહેબ જબરદસ્તખાં તોરેબાજખાં પોલીસ ઇન્સપેક્ટર મહીકાંઠા પુર્વ વિભાગ.

મુ રૂપાલ મહીકાંઠા.

આપ ઉત્સાહી ગૃહસ્થછો ને પરોપકારી છો ગરીબ માણસ ઉપર દયારાખી. બનીશકે તેટલી મદદ આપવા સામર્થ્ય થયાછો અને ગૃહસ્થ તરીકે, આપની ફરજ રાખોછો. ગૃહસ્થ છતાં નિરાભીમાનછો ને બુદ્ધીસાળી મહા વિવેકીછો રૂપ ગુણના અખંડ ભંડારછો. તો અમારા પુસ્તકની કદર કરી. આ અર્પણપત્રીકા સ્વીકારી મને યથા ઘટીત મદદ આપશો. હું ફક્ત એક આપના માનનેજ પાત્ર છું. તા. સદર સન ૧૮૯૯.

બનાવનાર હકીમ. અમીરખા અહેમદખાં

મુ. રૂપાલ.

પ્રસ્તાવના.

હું સાધારણ સ્થિતિનો માણસ હોવાથી તથા પુસ્તક કાઢવાનો અમારે પ્રથમ યત્ન હોવાથી મોટું પુસ્તક કાઢવાની વાટ બાજુએ મુકી હાલમાં શોબેદા નામનું પુસ્તક બહાર પાડવામાં આવશે. મોટા કીતાબો યા પુસ્તકોમાંથી નવા યા અજબ તરેહના ખેલો સોધી કાઢી મેં આ પુસ્તક કાઢવાની હીંમત ધરી છે. કે સારા ગૃહસ્થોમાંથી મને સારૂ માન મલશે. પ્રખ્યાત થશે ત્યારબાદ ઘણાં પુસ્તકો કાઢવા મારો વિચાર છે. તે છપાવી પ્રગટ કરીશું વખતે આ શોબેદાના ભાગ ૧ માં કમી ભુલ ચુક જણાય તો સુધારી વાંચવા આપને નમ્રતાથી અરજ ગુજારૂં છું. એજ.
તા. ૧-૧-૯૬

હકીમ અમીરખાં અહેમદખાં.

મુ રૂપાલ.—મહીકાંઠા.

૭૦૪૧

સોબેદા ભાગ ૧ લો.

બે દીવા લઢાવવાની રીત

૧. બે દીવા લઢાવવાની રીત
જ્યારે આ ખેલ સરૂ કરવો હોય ત્યારે પ્રથમ દાડગરની
કાચી કેંટ લેઇને એક કોડીઆમાં રૂઈની દીવેટ કરીને મુકાને
તથા ઘેટાની કેંટ લેઇને એ બંને એક એક રૂપીઆ ભાર
લેઇને બંને કોડીઆમાં જુદાં જુદાં મુકીને સલગાવવા પછી
તે બને દીવા સામા સામી લડશે જોનાર માણસ હેરત થશે.

૨. ચાદર બલે નહીને બકરો મરે.

પ્રથમ ખેલ કરતા પહેલાં એક બકરાને લેઇને મૂકવો
પછી તેના આગલ એક ચાદર આડે મૂકવી પછી એક બંદુક
ભરવી પેહેલા સીસાની ગોળી સરવેને બતાવવી પછી સરવેની
નજર ચુકાવીને મરકીપુરીની ગોલી ભરવી પછી આવાજ કર-
વા એટલે ચાદરમાં થઇને બકરાને વાગશે એટલે બકરો મરી
જશે ચાદર બલશે નહિ અને જોનાર માણસ હેરત થશે.

૩. ખેલ ત્રીજો.

ઘરમાં ગરોલી કરવાની રીત.
રવીવાર કે મંગલવારને દીવશે એક ગરોલી મારીને
તેની રૂ ના ભાર કેંટ લેઇ તેની રૂની સાથે દીવેટ કરવી
પછી એક કોડીઆમાં તેલ ભરીને દીવો કરવો એટલે ત-
માંમ ગરોલીઓજ થશે. ને જોનાર માણસ હેરત થશે.

૪. ખેલ ચોથો.

ચાર ગલાસનું પાણી બદલવાની રીત એક વીલાયતી
રાતી ફુલેવરનાં ત્રણ પાંનાં લેવી પછી તેને ઝીણાં કાતરી
એક પાઇટ ઉકલતા પાણીમાં નાંખી દેવાં પછી તેનો રંગ
આસમાની નીકળશે. પછી ચાર સારા સફેદ ગલાસ લાવવા
પછી ટેબલપર મુકવા જ્યારે ગલાસ ઘરમાંથી લાવવા તે
વખતે પેહેલા ગલાસમાં બાઇકાર બોનેટ ઓફ સોડાને

જરા પાંણીમાં પલાળી તેનાં છ ટીપાં ગલાસમાં નાંખવાં ને બીજા ગલાસમાં જલંદ વીનીગરનાં છ ટીપાં નાંખવાં અને ત્રીજા ગલાસમાં કુટકડીને પલાળીને તેના છ ટીપાં નાંખવાં આ પ્રમાણે કર્યા પછી ચોથો ગલાસ એમનો એમ રહેવા દેવો આ પ્રમાણે ઉપરનું કરેલું પાણી ચારે ગલાસમાં રેડવું એટલે પહેલાનો રંગ સુંદર લાલ થઇ જશે બીજાનો લીલો થશે. ત્રીજાનો જાંમુડો થશે ને કાંઇ નાંખેલું નથી તેમનો રંગ તેવોજ થશે પણ હર કામમાં હુંશીઆરી રાખવી. જોનાર માણસ હેરાત થશે.

૫. ખેલ પાંચમો.

બહાઇટ વેક્ષનો વીંછી ચલાવવાની રીત—જ્યારે ખેલ કરવો હોય ત્યારે ઘરમાં ટીમરી જનાવર ફરે છે તે જનાવર કાલું લેઇ ડાબલીમાં ઘાલી મુકવો પછી વ્હાઇટવેક્ષની દવાનો વીંછી બનાવવો પછી પેલા જનાવરના ઉપર મુકવો એવી રીતે મુકવો કે પેલું અંદરનું જનાવર માલુમ પડે નહીં પછી બે ચાર માણસ બેઠાં હોય તે વખતે આ વીંછી મુકવો એટલે ચાલના લાગશે થોડે છેટે ગયા પછી એને તરત લેઇને ડબીમાં ઘાલી દેવો તેથી જોનાર માણસ હેરત થશે.

૬. ખેલ છઠ્ઠો.

ચોખાના વીંછી કરવાની રીત—જયારે ખેલ કરવો હોય ત્યારે પહેલા દીતવાર કે મંગળવારના દીવશે એક માણસની ખોપરી લાવવી પછી જયારે વીંછી બનાવવાની મરજી હોય ત્યારે એ ખોપરીમાં ચોખા રૂપીઆ એકભાર લેઇ રાંધવા પછી એક એક દાણો જુદો જુદો કરવો જેમ જેમ જુદા કરશો તેમ તેમ વીંછી થશે જોનાર માણસ હેરત થશે.

૭. ખેલ સાતમો.

સરસવની ભાજી પાંચ મીનીટમાં ઉગાડવાની રીત—જે વખતે આ ખેલ કરવો ત્યારે પાડાના છાંણ તથા ગોર-

મટીની માટી એ બનેને પાણીમાં કાઢવી થોડા સરસવ છાંટવા એટલે પાંચ મીનીટમાં ભાજી ઉગી નીકલશે જોનાર માણુસ હેરત થશે.

૮. ખેલ આઠમો.

કલદાર પૈઇસાનો એક હાથ છેટેથી આપણા પાસે બોલાવવાની રીત—જયારે આ ખેલ કરવો હોય ત્યારે પૈઇસાના નીચેના ભાગમાં વ્હાઇટ વેગસની દવા બે રતી ભાર ચોટાડી દેવી પછી આપણી જમણી લોલના પાછલા ભાગ તરફ ચોટાડી દેવી પછી જે સ્રીના મોટા બાલ હોય ને તે જયારે કગાઈ કેરને વાળ ઉતરે—તે વાળમાંથી સારા મોટા વાળ હાથ બેના આસરાના કાઢી લેવા એકવાળ લાંબો ના નીકળેતો બીજો લેઇને વચમાં ગાંઠ વાળવી એવી વાળવી કે કોઇના જોવામાં આવે નહિ બાદ તેનો એક છેડો આપણા જમણી લોલના પાછલા ભાગ પર ચોટાડી દેવો. ને બીજો છેડો પેલા પઇસાના નીચલા ભાગપર પેલી દવાની સાથે ચોટાડી દેવો ને પછી સર્વેને કહેવુ કે મારા હાથમાં કસુ નથી એમ કહી હાથ ખાલી બતાવવા પછી પાછા ખસતા જવું જેમ જેમ પાછા ખસસો તેમ પેલો પઇસો આગલ આગલ આવશે તેથી જોનાર માણસ હેરત થસે—

૯. ખેલ નવમો.

ગંજીફાના ચાર બાદસાહ જુદાકરી પછી ભેગા કરવાની રીત નાચે મુજબ.—જે વખતે આ ખેલ કરવો હોય ત્યારે ગંજીફો લાવવો પછી તેમાંથી ચાર બાદશાહ જુદા નીકાલવા પછી ચાર પાનાં ફાલતુ નીકાલવાં પછી પેલા ચાર ફાલતુ પાનાને બરોબર કરીને પહેલા લાલ પાનાનો બાદશાહ મુકવો પછી કાલી પાનનો બાદસાહ મુકવો પછી ચોકડીનો બાદશાહ મુકવો પછી ફુલેવરનો બાદશાહ મુકવો પણ એ ચાર બાદશાહ એવા મુકવાકે ચારેનાં માંથાં માલમ પડે એવી રીતે ગોઠવીને મુકવા પછી એક શાણીને

એક ગુલામ નીકાલવો પછી સર્વેને કહેવું કે જુઓ આ ચારે બાદશાહ રાણીને ત્યાં નોકર થયા પછી ઘણા ધન કમાઇ એમનો નાસી જવાનો વિચાર થયો ત્યારે પેલાએ શું બાનો કીધો કે કલસાએ જાવછુ બીજાએ કીધું કે હું બજારમાં જાવછુ ત્રીજાએ કીધુકે ઉગરાણી જાવછુ ચોથાએ કીધુકે નાવા જાવછુ એમ એમ કહેતા જવું ને પેલા કાલતુ ચાર પાંનાંછે તેમાંથી એક એક બાજુમાં મુકતા જવું પછી કહેવું કે પેલી રાણીએ ગુલામને કીધુકે ચારે જણા નાસી ગયા માટે ચાલો આપણ સોધવા જઇએ એમ કહીને પેલી રાંણી મુકવી પછી ગુલામ મુકવો પછી એક હાથનો ચકર મારી પાંનાં કાઢવાં પહેલો ગુલામ નીકલસે પછી રાણી નીકલસે પછી ચારે બાદશાહ નીકલસે આ ખેલ જોઇ જોનાર માણુસ હેરત થસે.

૧૦. ખેલ દશમો.

ગોળની માટી બનાવવાની રીત—જે વખતે આ ખેલ કરવો હોય ત્યારે ગોળ સેર બસેર લાવીને સર્વને કહેવું કે જુઓ હું આ ગોળની માટી બનાવી દેવછુ એમ કહી એક તાંબાનો લોટો એવો લેવો કે જેમાં બસેર ગોળ માઇ રહે એવો લેવો પછી પેલા લોટામાં હીલચકના કરીને એક દવા થાયછે તે દવા અંગ્રેજી દવાઓ વેચનાર ગાંધીને ત્યાં મળેછે તે દવા લાવીને પેલા લોટાના અંદર કલાઇ જેવી બધામાં ચોમેર ફેલાવી દેવી પછી સરવેના જોતાં પેલો ગોળ લોટામાં ભરી લેવો ને કલાક પછી જોશો તો માટી નીકલસે એ માટી ઝાડના મુરાડામાં ઘાલી દેશો તો ઝાડ સુકાઇ જશે તેથી જોનાર માણુસ હેરત થશે.

૧૧. ખેલ અગીઆરમો.

તમામ ઘરમાં ઇશનીક કરવાની રીત—જ્યારે કોઇની મશ્કરી તથા ઠઠ્ઠો કરવો હોય ત્યારે મંગળવાર કે દીતવારને દીવસે એક ઇસનેક મારીને તેની ફેઠ (૧) બાર લેઇ તેમાં રૂઇની દીવેટો વણી લેવી પછી જેના મશ્કરી

કરવી હોય તેના ઘેર જઇને દીવો કરેલો હોય તે કોડીઆમાં પેલી દીવેટ મુકી સળગાવી પછી પેલી સળગેલી દીવેટ છે તે ઓલવી નાંખવી ને આપડી પાસે વાલી સલગાવી દેવી એટલે એના તમામ ઘરમાં ઇસનેક થઇ જસે તે જોઇ તે ઘર વાલો બુમ પાડી બહાર નીકલી ઊભો રહેશે અને બંધ કરી દેવું હોય એટલે દીવેટ ઓલવી નાંખી સાદી દીવેટ સળગાવી દેવી એટલે ઘર જેવું હતું તેવું થઇ જસે તેથી જોનાર માણસ હેરત થશે.

૧૨. ખેલ બારમો.

છોકરાઓને ખાંડ ખવડાવવાની રીત—જે વખતે દસ બાર માણસની મંડળી બેઠી હોય ત્યારે કોઇને ખેલ બતાવવો હોય તો એક પતરાની ભુગળી એક વેતને બે તસુ જેવડી લાંબી લેવી ને તેના બંને બાજુ તરફ ઢાંકણા કરાવવા એવી રીતના કરવા કે બંધ કરતી વેલા સાંધો માલુમ પડે નહિ પછી એક વેત બાકી મેલી બે તસુના ભાગમાં અંદર પતરાની ચાકડી બેસાડવી પછી પેલા બે તસુ વાલા ભાગમાં ચાકનો ભુકો અગર ચુનો ભરી રાખવો પછી ઢાંકણુ વાસી દેવું પછી લાંબા ભાગમાં લાકડી નાંખી સર્વને બતાડવું કે અંદર કસુય નથી એમ કહી એક છોકરાને પાસે બોલાવી ઊભો રાખવો પછી એક ખુરસી અગર ઇસટુલ મંગાવવો પછી પેલા છોકરાને કહેવું કે આ ખુરસીના ઉપર બેસી જા પેલો છોકરો બેસે ત્યારે કહેવું કે તમો આંખો બંધ કરો પછી પેલો ચુનો ભરેલો બાજુ ભુંગળીનો પેલા છોકરાના મોઢા આગળ લેઇ જઇને કહેવું કે તમે ફુક મારો તમારી મોઢાના અંદર ખાંડ આવસે એમ કહી ફુક મારસે તો તમાંમ મોઢા ઉપર ચુનો થઇ જસે તેથી તમાંમ મંડળીના માણસો હસવા લાગી જસે જોનાર માણસ હેરત થશે.

૧૩. ખેલ તેરમો.

સરાબ એટલે દારૂનો દુધ બનાવવાની રીત—કેટલાક ધુતારા તથા દારૂ પીનારા લોકો એમ કહેછે કે જુઓ હમે દુધ પીએ છીએ તેમ કહી બીજાને ઠગવા સારૂં એવા ઢગ કરી દેખાડેછે કે આ ગલાસમાં દુધ ભરયુ છે તે તમે પી જાવ તેથી અણસમજુ લોકો દારૂ ને દુધ જાણીને પી જાય છે પણ દારૂનો દુધ શી રીતે થયુ તે લખુ છુ જે વ-ખતે કુવારી ભેસ જણેછે તેનો ઠરેલું નીકળે છે તે જાડા દુ-ધને લેઇ પોળા તાસકમાં શુકવી નાખવું પછી તેને બારીક પીસીને એક શીશીમાં ભરી રાખજો પછી કોઇને બતાડવુ હોયતો એક પાઇંટ બાટલી દારૂની લાવી તેમાં એક અડવા રૂપીઆ ભાર પેલી ભુકી નાખીને હલાવવુ એટલે તમામ દારૂ દુધ જેવુ પદાર્થ થઇ જસે એટલે જોનાર માણસ હેરત થશે.

૧૪. ખેલ ચૌદમો.

મોમાંથી દેવતા પાડવાની રીત—જે વખતે આ ખેલ કરવો હોય ત્યારે સર્વના જોતા ફાસફસ જલમેદક લાવીને તેને શીશીમાં ભરવુ પછી તેમાં પાણી નાખવું તે પાણી આઠમે દશમે દીવસે બદલતા રહેવું પછી ખેલ કરવાની મ-રજી હોયતો એક આંબાની ગોટલી લાવી તેમાંથી ગર્ભ કાઢી નાંખી એકમેર ઝીણુ છીદ્ર પાડવુ બીજી મેર જરા મોટું પાડવુ પછી પેલા મોટા છીદ્રમાં ફાસફસની જરાસી કાકરી મુકવી પછી પેલી ગોટલી કોઇ ન જાણે એવી રીતે મોઢામાં રાખી લેવી પછી જેમ ફુકમારસો તેમ જવાળા એટલે ભ-ડકા નીકળસે તેથી જોનાર માણસ હેરત થસે એ દવાથી દાજી મરાયતો બાજરીનો લોટ પાણીમાં પલારી ચોપડવો એટલે સારૂ થઇ જસે.

૧૫. ખેલ પંદરમો.

સાધુ લોકો તથા ધુતારા લોકો કેમ ભુખ્યા રહે છે

તે જોવાની રીત—જે વખતે સાધુ લોકો તથા ધુતારા લોકો આવીને વાણીઆ લોકો ઉપર ભારે સવાલ નાંખે છે તે વખતે વાણીઆ કહે છે. કે હમોને જે મલે તે આપીએ તે લેઇને પધારો એમ કરી ઘણા કરગરે છે પણ પેલા ધુતારા લોકો માનતા નથી તે ઉલટા ગુસે થઇ એમ કહે છે કે હમારે ખાવું પીવું નથી એમ કહી ભુખ્યા તરસા પડયા રહે છે આખર બાપડા વાણીઆ લોકો ગભરાઇને પેલા ધુતારા લોકોનો સવાલ પુરો કરે છે. હવે એ ધુતારા લોકો ભુખ્યા રહે છે તે જોવાનુ કારણ લખ્યું છે. જે વખતે ધુતારા ભુખ્યા હોય છે તે વખત એક માણસ જંગલમાં જઇ એક કંદમુલ લાવેછે તેનો આકાર રતાળુ જેવો થાયછે પછી તેને ઉની ઉની ભરસાળમાં ભારેછે ને થોડીવાર પછી કાઢીને તેનો દીટ કાપી થાળી અગર પતરાળામાં ખંખેરે છે પછી તેમાંથી પાકેલી કોહરી પદાર્થ જેવો નીકળે છે. પછી તેને દુધની સાથે ખાઇ લેશે તેથી એમને બે ત્રણ દીવસ સુધી ભુખ લાગતી નથી એ કંદમાં એવો ગુણ છે છેવટ જતાં એ લોકો ભુખ્યા રહેતા નથી.

૧૬. ખેલ સોલમો.

સીર વગરનો અગર સીરવાલી ખવીસ બનાવવાની રીત—કેટલાક ધુતારા લોકો આપડી પાસેથી ધુતીખાવાનો ધુટકો કરેછે કે કોઇ માણસ માંદો પડયો હોય તો તેને એમ કહે છે કે તમને તો ખવીસ વળગેલો છે તેથી આપડા લોકો વેહેમથી ભરાઇ જાય છે પછી પેલા ધુતારાને કહે છે કે આમારો ખવીસ કાઢશે તો મને જે મલશે તે તમારા આગળ હાજર કરીસ એમ કહીને પોતાનું વેહેમ દુર કરાવે છે વેહેમ દુર કરવાનું કારણ લખુંછું જે વખતે ધુતારો આપણી પાસે આવે છે ત્યારે શું કરે છે કે થોરના દુધનો પુતળો પોતાના હાથમાં બનાવતો આવે છે સીરવાલો બનાવવો હોય તો સીરવાળો કરેછે. અને વગર સીરવાળો

બનાવવો હોય તો વગર સીરનાળો કરેછે એવું ચિત્ર થોરના દુધથી પોતાના હાથમાં કરેછે પછી આવીને આપડી પાસે શ્રીફલ બરફી વીગેરે નૈવેદનું ખરચ કરાવે છે પછી પોતે ધુણવાનો ઢુંગ કરે છે તેની પાસે સોનાગેરૂ પીસેલું પાસે રાખી મુકે છે અગર સીંદુર પાસે રાખે છે પછી શું કરે છે કે હાથ પગ ધોઇ નાંખે છે પછી પેલા માંદા માણસને બેસાડે છે ને સરવે નૈવેદનો સામન એક ઠીબમાં ભરી માંદા માણસની પાસે રાખે છે પછી મંતર ભણવાનો ઢુંગ કરી તેના ઉપરથી સળગેલા કાકડા વાલેછે પછી પેલો ગેરૂ અગર સીંદર પોતાના હાથ ઉપર છાંટે છે તેથી પેલા થોરના દુધ સાથે ચોટી જાય છે પછી હાથ ધોઇ નાંખીને સરવેને બતાવે છે કે જુઓ આ ખવીસ મારા હાથમાં આવ્યો. હવે એને હું મારા કબજે કરીસ એમ કહી સરવે નીવેદનો સામન તથા ચમક વીગેરે લેઇને ચાલો જાય છે. પછી જે આપણને મળે છે તે પાંચ દસ રૂપીઆ આપીએછીએ પણ સમજુ લોકોતો એ વાત બીલકુલ માનતા નથી.

૧૭. ખેલ સતરમો

ચીનીનો પ્યાલો બોલાવવાની રીત—જે વખતે આ ખેલ કરવો હોય ત્યારે એક ચીનાનો મોટો પ્યાલો લાવવો પછી સરવેના જોતાં પેલા પ્યાલામાં પાણીથી અડધો ભરવો પછી સરવેને કહેવું કે જુઓ હુ પ્યાલાને બોલાવુંછુ એમ કહી પેહેલાં જરા બણબણવું જેથી સરવે જાણસે કે કાઇ મંતર ભણેછે પછી સું કરવુંકે પેલા પાણીમાં બે આંગળીઓ બોળીને પ્યાલાની કોર ઉપર ચો તરફ ફેરવતાં જવું કયાંસુધી ફેરવવુકે પ્યાલો બોલે નહિ ત્યાં સુધી ફેરવવું પછી જયાં પ્યાલો બોલેકે એક આંગળીથી ફેરવતાં રહેવું પણ પાણી જરા જરા લગાડતાં રહેવું અને ફેરવતાં

રહેવું પછી બંધ કરવું હોય ત્યારે મોમાં બણબણવું ને કહેવું કે જુઓ હવે બંધ કરૂંછું આ ખેલ કરવો હોય ત્યારે પ્યાલો નવોજ લેવો જરાએ ભાગેલો લેવો નહિ આ ખેલ જોઇ સરવે માણસ હેરત થસે.

૧૮. ખેલ અઢારમો.

મોમાંથી લોહી કાઢવાની રીત—કેટલાક ધુતારા લોકો આવીને સવાલ કરેછે તે વખતે આપણા લોકોને આપતાં વાર થાયછે ત્યારે સુધી કહેછે કે તું આપેછે કે લોહી કાઢુ એમ કહીને છાતીમાં બે ત્રણ મુકી મારીને લોહીના ગરફા કાઢેછે તે વખત આપણ ધુજીને આપી દઇએ છીએ એ લો-હી કાઢવાની સફાઇ નીચે મુજબછે એ લોકો સુ કરેછે કે સારી કાચી હલદરની કાકરી લેઇ મોમાં સારી પેઠે ચાવેછે પછી તેની સાથે કારબોનેટ ઓફ સોડાની કાકરી ચાવેછે તેથી બને ચીજોનુ એક રસ થવાથી લોહી જેવુ પદાર્થ થઇ જાયછે તેથી જોનાર માણસ હેરત થઇ જાય છે.

૧૯. ખેલ ઓગણીસમો.

દુધ નહિ જામે ને ફરી જામવાની રીત—આ ખેલ ક-રવાની મરજી હોય ત્યારે એક કઢાઇ લાવવી પછી દુધ શેર બારશેર લાવવું તેની અંદર સલકંડલાઇન તથા નવસાગર એ બને ચીજો સરખે ભાગે લેઇને બારીક પીસીને દુધની અંદર મેળવવું તો કોઇ દીવસે દુધ જામશે નહીં ને ફરી એ દુધને જમાવવું હોય તો કઢાઇમાંથી દુધ કાઢી લઇને ગુઆ-ની જડોના પાણીથી ધોઇ નાંખીને નાંખશો તો દુધ તરત જામી જશે તેથી જોનાર માણસ હેરત થશે.

૨૦. ખેલ વીસમો

ગોળ નહિ જમે ન પછી જમવાની રીત—જ્યારે આ-

પણા લોકો શેરડી વાવે છે ને પછી કોલુફેરવી ગોળ પકાવે છે ત્યારે માગનાર લોકો ઘણા આવે છે. પણ કોઇ જીદ્દી માણસ હોય છે તે જીદ્દ કરે છે ને કહે છે કે મને વચારે ગોળ આપ તેથી તેનો ધણી ના કહે છે કે તારા જેવા ધુતારા તો ઘણા આવે છે ચાહ્યો જા એમ કહી તેને કાઢી મુકે છે ત્યારે પેલો સુ કરે છે કે પોતાની પાસે સાહી ચોખાના લોટની ભુકીનું વાસણ રાખે. તે વખતે ચુલા ઉપર ગોળ પાકે છે ત્યારે તે વાગાળ પેલી ભુકીની ફુક મારી ચાલો જાય છે. ત્યારે તે ગોળની બગડેલી કઢાઇ સો રીતે સુધારવી તે લખુ છે કે તેમાં ઘી શેઠા શેર લઇને ઉનો કરી ગોળની કઢાઇમાં નાંખી દેવું એટલે તરત ગોળ જામી જશે બગડવા પામશે નહિ.

હવે સરીરના રોગોને લાગુ પડતી દવાઓ લખીએછીએ.

૧ તાવનો ઉપાય.

કરીયાતું રૂપીઆભાર તથા સોના મકાઇ રૂપીઆભાર એ બંનેનો ઉકાળો કરીને આપે તો તાવ જાય.

૨ બીજી રીત.

સુઠ માસા બે ધાંણા માસા એક એ બંનેનો ઊકાળો કરી આપે તો તાવ જાય ભુખ લાગે.

૩ ત્રીજી રીત બંધકુસનો ઉપાય.

સાબુની દીવેટ કરીને ગુદામાં મુકે છે તો બંધકોસ ને આફરો દુર થાય.

૪ ચોથો બગાસાનો ઉપાય.

નાગરવેલનાં પાન કરીને ખાય તો બગાસા જાય.

૫ પાંચમો પેસાબ બંધ થયો હોય તેનો ઉપાય.

જવખાર માસા પાંચ સાકર સાથે ખાય તો પેસાબ છુટે ને સુખી થાય.

૬ છઠ્ઠો ઉંઘ આવવાનો ઉપાય.

સેકેલી ભાંગનું ચુરણ બારીક પીસીને અનુમાન માફક મધમાં ચાટે તો જરૂર ઉંઘ આવે.

૭ વાયુના ઇલાજ.

લસણનો રસ તોલા ચાર ભાર લેઇ તેના બરાબર તેલ મેળવી એનુ માફક સીંધવખાર નાખીને પીયે તો વાયુ જાય.

૮ આમ વાતનો ઉપાય.

લસણનો રસ ટાંક ૨।।) ભાર તથા ગાયનુ ઘી ટંક ૨) એ બંનેને મેળવીને રોજ પીએ તો આમ વાત જાય.

૯ સુળનો ઉપાય.

આમળાનો ચુરણને મધ સાથે ખાય તો સુળ જાય.

૧૦ ગોળાનો ઉપાય.

ગરમ દુધમાં એરંડાઉં તેલ અને હરડેનુ ચુરણ નાખી પીએતો જુલાબ લાગી ગોળો જાય.

૧૧ અંતરગળનો ઉપાય.

દુધમાં એરંડીયુ તેલ નાખી એક મહીના સુધી પીએ તો વાયુનો અંતરગળ જાય.

૧૨ કંઠમાળાનો ઉપાય.

ગુજા તેલનો મરદન કરેતો કંઠમાળા જાયપણ ગુજા તેલ બનાવાની રીત સાબેદાના બીજા ભાગમાં આવશે.

૧૩ અપચીનો ઉપાય.

ચંદનાદીક તેલનો મરદન કરેતો અપચો રોગ જાય એ તેલ બનાવવાની રીત શાબેદાના બીજા ભાગમાં આવશે.

૧૪ દાઝેલાનો ઉપાય.

જુના ભીંગેલા ચુનાને દહીના પાણીમાં બારીક પીસી ને દાઝેલા ઉપર લગાવે તો સારો થાય.

૧૫ આધાસીસીનો ઉપાય.

સાકર તથા મીઠલ એ બંનેને ગાયના મુત્રમાં બારીક પીસીને નાસ લેવો તો આધાસીસી જાય.

૧૬ બાળકની ખાસીના ઉપાય.

સોય રીંગણીના ફુલ ને કેસર એ બંનેને સરખે ભાગે લેઇ બારીક પીસીને મધમાં ચટાડે તો ખાંસી જાય.

૧૭ ધાતુ પુષ્ટીના ઉપાય.

કૌવચ, ગોખરૂ, સાલમ, સાકર, એ સરવે ચીજોનો દુધમાં માવો કરીને ખાય તો ધાતુમાં વધારો થાય.

૧૮ બીજી રીત.

ગુંજા, ગોખરૂ કૌવચ સાકર, એ સરવેને દુધમાં નાખી રાતરે પીએ તો કામ વધારે આપે.

૧૯ પરમાનો ઉપાય.

સાકર, કૌવચ, દુધેલી, સતાવરી, સુઠ એ સરવે ચીજો બરાબર ત્રણ દીવસ ખાવાથી પરમો મટે છે.

૨૦ પાંડુ રોગ કમળાનો ઉપાય.

કડુ, કરીયાતુ, ધાણા, ત્રીફળા, સુંઠ એ સરવે ચીજોને બરાબર લેઇ ઉકાળી મધ નાખી પીવાથી કમળો પાંડુ રોગ દુર થાય છે.

૨૧ લોહી વાગ્યાનો ઉપાય.

કેરકીનું મુલ પાણી સાથે ઘસીને સાકર સાથે પીવાથી ઇત્રીનો લોહ વાગો દુર થાય છે.

૨૨ સાપનો ઝેર દુર કરવાનો ઉપાય.

કુતરી જાતની એક ઘાસ થાય છે તો તેને લાવીને હાથમાં રાખીને તેનો રસ આંખોમાં આંજવાથી સાપનો ઝેર દુર થાય છે પણ એ ઘાસ ચોમાસામાં થાય છે.

૨૩ વીંછીના ઝેર દુર કરવાનો ઉપાય.

નાગલા દુધેલીના પાનાનો રસ કાઢીને પછી રસને શુકરવું કે વીંછી જ્યાં સુધી ચડયો હોય ત્યાંથી લેઇને ડંખ સુધી આગા લીસનટા કરવા એટલે તુરત ઉતરી જશે.

અમારી હોફીસમાંથી મળતી દવાઓનાં નામ.

ઇંગ્રેજી દવાયોના અર્થ ગુજરાતીમાં લખીએછીએ.

ઇંગ્રેજી શબ્દ...	...ગુજરાતી શબ્દ
ટાઇગરફેંટ...	...વાઘની ચરબી.
મરકીપુરી...	...પારો.
ઇસનેકફેંટ...	....સાપની ચરબી.
વીનીગર...	...સરકો.
કારબોનેટ ઓફસોડા. ...	...પાપડખાર.
સલફર...	...ગંધક.
નાઇટડઓફપોસાસ...	...સુરોખાર.
સલેકડલાઇમ...	...ચુનો.
ગુંજા...	...ચણોઠી.

સમાપ્ત.

**આગળથી ગ્રાહક થયા તેઓ સાહેબોના નામ મુબા-
રક નીચે મુજબ છે.**

નકલ.
૪૦ મહેરબાન ખાનસાહેબ જબરદસ્તખા તોરેબાજખા પોલીસ ઇન્સપેકટર સાહેબ મુ. રૂપાલ—મહીકાંઠા.
૩૦ મહેરબાન ફોજદારસાહેબ હમીદખાં બટામીયાંમુ.રૂપાલ.
૨૪ સેઠ જેચંદ ગુલાબચંદ રૂપાલ

હમારી ઓફીસમાંથી સરવે રોગોને લાગુ પડતી ને કીફાયત ભાવે દવાયો આપવામાં આવે છે.

દવાયોનાં નામ. પોસ્ટ જુદુ.

નંબુ કીમત સીસી એક તોલા ત્રણના રૂ. ૨–૦–૦ આ દવાથી ગમે તે જાતની પીડ તથા વાગોટ એક માસાથી કે ચાર માસા સુધી આપવાથી તરત મટી જાય છે.

ધાતુ પુસ્ટની ગોળી ૫૦ ની ડબી ૧ની કીમત ૨–૮–૦ પોષ્ટ જુદુ આ ગોળીયોથી ગમે તેવો નપુષ્ટ થઇ ગયેલો માણસ સાત દીવસ સુધી બે બે ગોળી ખાવાથી તરત મરદાઇમાં આવે છે.

રાતા દાદરના ગોટી કીમત ૦–૪–૦ પોષ્ટ જુદુ.
કાલીદાદરની ગોટી કીમત ૦–૬–૦ પોષ્ટ જુદુ.
ઉત્વરસની ગોળીયોની ડબી ૧ ની કીમત ૦–૪–૦ પોષ્ટજુદુ.
રોજીયા તાવની ગોળીયોનો ડબી ૧ની કીમત ૦-૪–૦પોષ્ટજુદુ.
દાત મંજન કીમત ૦–૪–૦ પોષ્ટ જુદુ.
ચાંદીનો મલમ કીમત ૦–૪–૦ પોષ્ટ જુદુ.
કુર પાઉડરની સીસી એકની કીમત ૦–૧૨–૦ પોષ્ટ જુદુ.
ખીલની દવા ડબા ૧ ની કીમત ૦–૪–૦ પોષ્ટ જુદુ.

નમુના તરીકે થોડી પ્રસીદ્ધ કરી છે પણ એ સિવાય બીજી ઘણી જાતની દવાયો મલે છે જે સાહેબોને મંગાવવાની જરૂર હોય તો રીપાલાઇડ ક્યાર્ડ લખો ખુલાસો કરવો.

જાહેર ખબર.

સરવે લોકોને ખબર આપવામાં આવે છે કે હમારે ત્યાં નીચે મુજબ ચીજો મળે છે.

શાબેદા ભાગ પેહેલો કીમત.	૦—૧—૦
શાબેદા ભાગ બીજો કીમત	૦—૨—૦
ગાયન સંગ્રહ ભાગ પેહેલો કીમત.	૦—૨—૦
ગાયન સંગ્રહ ભાગ બીજો કીમત.	૦—૩—૦

તદન વનસપતીની દવાઓ મળે છે. જેને મંગાવવાની જરૂર હોય તેમણે રીપલાઇ કાર્ડ લખી ખુલાસો કરવો. કોઇ પણ માણસનું કમીશનથી એજન્ટ તરીકે કામ કરીશું.

શાબેદા ભાગ બીજો તથા ગાયન સંગ્રહ ભાગ પેહેલો તથા બીજો જે માણસ મંગાવશે તેને શાબેદા ભાગ પેહેલો મફત આપવામાં આવશે. ટપાલ ખરચ ચોપડીઓ મંગાવનારને શીર છે માટે જે સાહેબોને મંગાવવાની જરૂર હોય તો રીપલાઇ પોસ્ટ કાર્ડ લખી ખુલાસો કરવો.

સીરનામું.

હાલ મુકામ.
રૂપાલ મહીકાંઠા.
પોસ્ટ અહમદનગર.

હકીમ અમીરખાં
આહેમદખાં પઠાણ.